# મહેસાણા ડેપોને શટલીયા વાહનોથી લાખોનું નુકસાન

મહેસાણા, તા. ૫

મહેસાણામાં પોલીસ તંત્રની રહેમનજર તળે કાયદાની ઐસી કી તૈસી કરીને વિવિધ રૂટો પર રોજિંદા અમર્યાદિત મુસાફરો ભરીને ખાનગી વાહનો દોડી રહ્યા છે છતાં પોલીસ તથા આર.ટી.ઓ. તંત્ર દ્વારા કાનૂની રાહે કોઈ કડક પગલાં ભરતાં નથી. પરિણામે અવાર-નવાર જીવલેણ તેમજ અન્ય અકસ્માતો સર્જાય છે. જેમાં કેટલાયે માનવીઓની જીવનદોરી ટૂંકાય છે. આ વિસ્તારમાં છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન હાઈવે પર તેમજ અન્ય માર્ગો ઉપર ખાનગી વાહનોના અકસ્માતોના ઘણા કિસ્સા નોંધાયા છે. જેમાં કેટલાય વ્યક્તિઓના કરૂણ મોત નિપજ્યાં હોવાનું તેમજ કેટલાયે ઘાયલ થયા છે.

જિલ્લાના જુદા જુરા રૂટો પર ખાનગી વાહનો એસ.ટી.ની શિડ્યુલ બસોની સમાંતર દોડી રહ્યા છે. આવા વાહનોમાં ઘેટાં-બકરાંની જેમ અમર્યાદીત મુસાફરો ભરાય છે. આવા વાહનોના ચાલકો કમાવવાની લ્હાયમાં પૂરઝડપે અને ગફલતભરી રીતે વાહનો હંકારીને મુસાફરોની જિંદગી જોખમમાં મૂકે છે. ગેરકાયદે મુસાફરો ભરીને દોડતા વાહનો મુખ્યત્વે એસ.ટી. બસ મથકોની આસપાસ અડ્ડો જમાવે છે અને મોટા ભાગે એસ.ટી. બસોના મુસાફરોને જ પોતાના વાહનોમાં ખેંચી જાય છે જેથી એસ.ટી. તંત્રની આવક પર આડકતરી રીતે અસર પડતી હોય છે. બસ મથકોની ચોક્કસ વિસ્તારમાં ખાનગી વાહનો ઉભા રાખવા પર છેલ્લા ઘણા વખતથી જિલ્લા તંત્ર દ્વારા પ્રતિબંધ ફરમાવેલ છે તેમ છતાં સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું હોય તેમ જણાય છે.

# કલ્પસર પ્રોજેક્ટ પર નિર્માણ કામ ટૂંકમાં શરૂ કરાશે : મોદી

## પ્રોજેક્ટ અમલી બન્યા બાદ સૌરાષ્ટ્રમાં આગામી ૧૦૦ વર્ષ સુધી પાણીની તંગી દૂર થશે : સરદાર સરોવર બંધ અંગે કેન્દ્રએ વાત સાંભળી નથી : મોદી

દેવળા,તા. ૫

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ખાતરી આપી હતી કે, કલ્પસર પ્રોજેક્ટનું નિર્માણ કામ ટુંક સમયમાંજ શરૂ થઈ જશે. કારણકે, ફીજીબીલીટી રિપોર્ટ અંગે ૮૦ ટકા કામ પૂર્ણ થઈ ચુક્યુ છે. એક વખતે આ પ્રોજેક્ટ અમલી બનાવી દેવામાં આવ્યા બાદ સૌરાષ્ટ્રમાં આગામી ૧૦૦ વર્ષ સુધી પાણીની તંગી રહેશે નહીં.

સરદાર સરોવર નર્મદા બંધ ખાતે પ્રવેશદ્વારના નિર્માણ અંગે ગુજરાત સરકારની માંગની અવગણના કરવા બદલ યુપીએ સરકારની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, કેન્દ્ર સરકાર કાકા-ભત્રીજાની વધારે ચિંતા કરી રહી છે. રાજકોટથી આશરે ૭૫ કિમીના અંતરે સ્થિત દેવડા શહેરમાં મોટી સંખ્યામાં એકત્રિત થયેલા લોકોને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, પરસોત્તમ રૂપાલા અને એલકે અડવાણી જેવા ભાજપના વરિષ્ઠ નેતાઓની સાથે મળીને તેઓએ વડાપ્રધાન મનમોહન સિંહ સમક્ષ આશરે ૨૫ વખત રજુઆત કરી છે. સરદાર સરોવર બંધ ખાતે પ્રવેશ દ્વારના નિર્માણની માંગણી પણ કરવામાં આવી છે. પરંતુ કેન્દ્ર સરકારે ગુજરાતની માંગ તરફ ધ્યાન આપ્યું નથી. હાલમાં જ્યાં પાણીની તીવ્ર તંગી પ્રવર્તી રહી છે તે સૌરાષ્ટ્ર પ્રદેશમાં આ શહેર આવ્યું છે.

મોદીએ કહ્યું હતું કે, જો સરદાર સરોવર બંધમાં જો ગેટ બની ગયા હોત તો મહારાષ્ટ્રની પાણીની સમસ્યા પણ ઉકેલાઈ ગઈ હોત પરંતુ કોંગ્રેસને માત્ર તેના પોતાના રાજ્યોની ચિંતા સતાવી રહી છે અન્ય રાજ્યોની ચિંતા નથી. કોંગ્રેસ કાકા-ભત્રીજાની સમસ્યાથી ગ્રસ્ત થયેલી છે. મોદીએ રેલ્વે પ્રધાન પવનકુમાર બંસલના ભત્રીજાને આવરી લેતા વર્તમાન લાંચ કેસનો દેખીતી રીતે ઉલ્લેખ કરીને કાકા-ભત્રીજાવાદનો ઉલ્લેખ કર્યો હતો. સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટ દ્વારા આયોજિત ભાગરબંધ નજીક સૌરાષ્ટ્ર નર્મદા જળઅવતરણ મહાયજ્ઞમાં બોલી રહ્યા હતા મોદીએ કહ્યું હતુંકે, તેઓએ વડાપ્રધાનને ખાતરી આપી હતી કે, જો કેન્દ્ર ઈચ્છશે તો ગેટ ઓપરેટ થશે નહીં.

પરંતુ ખાતરી આપવામાં આવી હોવા છતાં ગેટના નિર્માણની મંજુરી આપવામાં આવી નહતી. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, કલ્પસર પ્રોજેક્ટનું નિર્માણ ટુંક સમયમાંજ શરૂ કરી દેવામાં આવશે. કારણકે ૮૦ ટકા ફિજીબીલીટી રિપોર્ટ અંગે કામ પુરુ થઈ ચુક્યુંછે. એક વખતે પ્રોજકેટ ઓપરેટ થઈ ગયા બાદ સૌરાષ્ટ્રમાં આગામી ૧૦૦ વર્ષ સુધી પાણીની તંગી દુર થઈ જશે. પાણીના મુદ્દે કાગરોળ મચાવતી કોંગ્રેસ પર મોદીએ આકરા પ્રહારો કર્યા હતા. ગોંડલ તાલુકાના દેવળા ગામ નજીક ભાદર નદીના પટમાં સૌરાષ્ટ્રમાં જ્યારે પાણીની તકલીફ છે ત્યારે મોદીએ આજે સૌરાષ્ટ્ર જલધારા ટ્રસ્ટ દ્વારા આયોજિત કાર્યક્રમમાં કેન્દ્ર ઉપર પ્રહારો કર્યા હતા. મોદીએ ખાસ હાજરી આપીને લોકોને પ્રભાવિત કર્યા હતા. મોદીએ એમ પણ કહ્યું હતુંકે, નર્મદા ડેમ પર ૩૬ દરવાજા લગાવવાના છે. આ દરવાજા તૈયાર થઈ ચુક્યા છે. વડાપ્રધાન સમક્ષ ૧૫ વખત મળીને રજુઆત થઈ ચુકી છે. મોદીએ એમપણ કહ્યું હતું કે, દરવાજા લાગી ગયા બાદ વીજળી ઉત્પાદનમાં પણ વધારો થશે. પોતાની આગવી શૈલીમાં મોદીએ કહ્યું હતું કે, પેટાચુંટણી જાહેર થવાના કારણે આચારસંહિતા લાગુ પડી ગઈ છે. ચુંટણી કમિશનની મંજુરી આમા લેવામાં આવી છે.

# પ્રાંતિજમાં મહિલાના ગળામાંથી સોનાના દોરાની તફડંચી

પ્રાંતિજ, તા. ૫

સમગ્ર રાજયમાં આગ ઓકતી ગરમી પડી રહી છે. પરંતુ વેકેશનનો સમય હોવાથી લગ્નસરાની મૌસમ પુર બહારમાં ખીલી ઊઠી છે. પ્રાંતિજ શહેરમાં સોનાના દાગીનાની ચીલ ઝડપ કરનારી બાઈકર ગેંગ સક્રિય બનતા શહેરીજનોમાં ભય ફેલાયો છે. આવો જ એક કિસ્સો પ્રાંતિજ ખાતે ગત રાત્રી બનવા પામ્યો છે. પ્રાંતિજના ભાવસાર પરિવારની બહેનોના લગ્નની કંકોત્રી વહેંચવા માટે પ્રાંતિજ તલોદ માર્ગ પર આવેલ સોસાયટી ખાતે જઈ રહી હતી ત્યારે બાઈક ચાલક ગઠિયાઓ નજીક આવી પહોંચ્યા હતા. અને ક્ષણેય મહિલાઓના કંઈક પૂછપરછ કરી હતી. મહિલાઓ કંઈક સમજે તે પહેલાં જ એક મહિલાના ગળામાંથી અઢી-ત્રણ તોલાનો સોનાનો દોરો તોડી ગઠિયા રફુચક્કર થઈ ગયા હતા. મહિલાઓએ બુમાબુમ કરતા આસપાસના રહિશો આવી પહોંચ્યા હતા. પરંતુ આંખના પલકારામાં ચેઈન સ્નેચરો પલાયન થઈ ગયા હતા.

# સરસ્વતી નદીમાંથી રેતી ચોરી કરતા ટ્રેક્ટરો ખાણ ખનીજ ટીમે પકડી પાડ્યા

પાલનપુર, તા. ૫

બનાસકાંઠા જિલ્લામાં ગેરકાયદેસર રીતે નદીના પટમાંથી રેતી ચોરી કરનારા બેફામ બન્યા છે. નદીના પટમાંથી મેળવેલી લીઝથી પણ વધુ વિસ્તારમાંથી રેતી ચોરી સરકારને લાખો રૂપિયાનું નુકશાન લીઝ ધારકો પહોંચાડે છે. સરસ્વતી નદીના પટમાંથી રોયલટી વગર રેતી ચોરીને જતાં ટ્રેક્ટરો તંત્રએ પકડી પાડી તત્વોને રંગેહાથ ઝડપી લીધા છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ પાલનપુર ખાણખનીજ કચેરીની ટીમને ગુપ્ત રીતે બાતમી મળી હતી કે સરસ્વતી નદીના પટમાંથી ગેરકાયદેસર રેતીની ચોરી થાય છે. ખનીજ ટીમે વડગામ તાલુકાના શેરપુરા, સલેમકોટ ગામ પાસે વૉચ ગોઠવી હતી. અને સરસ્વતી નદીના પટમાંથી રેતી લઈને આવતા ટ્રેક્ટર માલિકો પાસે રેતીની પરમીટ માંગી હતી. પરંતુ તેઓ રેતીની પરમીટ બતાવી શકયા નહોતા. આવા ગેરકાયદેસર રેતી લઈને જતા ૭ ટ્રેક્ટરોને ઝડપી પાડી તમામ સામે કુલ રૂા. ૯૭,૧૧૪નો દંડ ફટકાયો હતો. વધુ તપાસ માટે વડગામ પોલીસને સુપ્રત કરાયા છે. ઉપરોક્ત કામગીરીમાં મદદનીશ ભુસ્તરશાસ્ત્રી યુ.કે.સિંઘ, જી.જ. હિંગરાજીયા, રોયલ્ટી ઈન્સ્પેકટર આશિષ સોની, મેહુલ દવે સહિત સ્ટાફના માણસો હાજર રહ્યા હતા.

# ધાનેરા પંથકમાં અખાદ્ય ભેળસેળીયા તેલ-ઘીથી જન આરોગ્ય સાથે ચેડા

## ગાંધીનગરથી આવેલ ટીમે તપાસ કરી વિગતો આપવાનો ઈન્કાર

પાલનપુર, તા.૫

જનઆરોગ્ય સાથે લોકોના જીવન સાથે અખાદ્ય પદાર્થોમાંથી ભેળસેળ કરતા બ્રાન્ડેડ કંપનીના લેબલોનું ડુપ્લીકેશન કરી અખાદ્ય તેલ, ઘી ધાનેરા સહિત જીલ્લાના અન્ય ગ્રામ્ય વિસ્તારોમાં ખુલ્લેઆમ વેચાણથી પ્રજાજનો ભયાનક બિમારીઓનો ભોગ બનતા હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે.

છેલ્લા ઘણા સમયથી ધાનેરા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં તેલ-ઘીની દુકાનોને તથા લગ્નસરાની સીઝનને લીધે ઘરાકીનું પ્રમાણ પણ વધી ગયું છે. ત્યારે જનજીવન સાથે મામૂલી રકમ માટે લોકોના આરોગ્ય સાથે ચેડા કરી ખતરનાક દષ્પ્રવૃત્તિ કરનારાઓ સક્રિય બન્યા છે. નકલી તેલ-ઘી અન્ય પદાર્થોનો વેપાર કરનારાઓએ હદ વટાવી છે. ધાનેરાના વેપારીઓમાનો કેટલોક વર્ગ પણ નજીવા લાભ ખાતર આ ગેરકાયદેસર કામ કરી વેપારીઓને પ્રોત્સાહન આપી રહ્યા છે. તે અંગે સ્થાનિક પ્રજા ઉચ્ચકક્ષાએ રજૂઆત કરતાં રાજયના પાટનગર ગાંધીનગરથી ખોરાક ઔષધ નિયમન તંત્રની ટીમે કેટલીક જગ્યાઓ સરપ્રાઈઝ ચેકીંગ કરીને તેલ-ઘીના ડબ્બાઓમાંથી નમૂના લઈ કાર્યવાહી હાથ ધરી હતી પરંતુ તેમને પૂછતા વધુ વિગતો આપવાનો ઈન્કાર કર્યો હતો.

# ગઠામણ ગામે મહિલાના ગળામાંથી દોરો ખેંચાયો

પાલનપુર શહેરમાં દિન પ્રતિદિન ચોરી, લૂંટ, ચીલઝડપ, તફડચંડીના બનાવોનું પ્રમાણ વધવા લાગ્યું છે. પોલીસ ચોપડે આવા અનેક બનાવો નોંધાવા પામ્યા છે. ત્યારે વધુ એક કિસ્સો અમદાવાદ- પાલનપુર હાઈ-વે પર આવેલ ગઠામણ પાટીયા પાસે શહેરના જુના લક્ષ્મીપુરામાં રહેતા ગીતાબેન ચાલતા જતા હતા. ત્યારે ગીતબેન ચાલતા જતા હતા. ત્યારે ગીતાબેનના ગળામાંથી એક તોલાની સોનાની ચેઈન બાઈક લઈને આવેલા ચેઈન સ્નેચરો ખેંચી પલાયન થઈ ગયા હતા. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જીપીપી દ્વારા આજથી સૌરાષ્ટ્રમાં લોક વેદના યાત્રા કાઢવામાં આવશે

ગાંધીનગર, તા.૫

ગુજરાત પરિવર્તન પાર્ટી દ્વારા આવતીકાલથી સૌરાષ્ટ્રમાં લોક વેદનાયાત્રા શરૂ કરવામાં આવશે જે ૮૫૦ કિ.મી. જેટલો પ્રવાસ કરશે.

દુષ્કાળથી પિડાતા પ્રજાજનો વચ્ચે ગામડે ગામડે, નગરે-નગરે જઈને પ્રજાના પ્રશ્નો ગુજરાત પરિવર્તન પાર્ટી સાંભળશે. આ માટે આવતીકાલથી સૌરાષ્ટ્રના ભાવનગર ખાતેથી જીપીપી દ્વારા લોકવેદના યાત્રા શરૂ કરવામાં આવશે જે અમરેલી, જુનાગઢ, જામનગર અને રાજકોટ જીલ્લાના શહેરો, ગામડાઓમાં ફરીને કુલ ૮૫૦ કિ.મી. જેટલો પ્રવાસ કરશે. અને ૧૧મી મે-૨૦૧૩ના રોજ રાજકોટ ખાતે ત્રિકોણ બાગ ખાતે પૂર્ણ થશે.

આ યાત્રા પહોંચે તે પહેલા ગામડે ગામડે મુખ્યમંત્રીને પોતાના ગામની સમસ્યાની રજૂઆત કરવા માટે પરિવર્તન પાર્ટીના કાર્યકર્તાઓ પત્રો પહોંચાડશે અને તેમાં પ્રજાજનો પોતાના પ્રશ્નો રજૂ કરીને આ યાત્રા દરમિયાન રૂબરૂમાં અપાશે.

સૌરાષ્ટ્રભરમાંથી આવેલા પ્રશ્નોને રાજયના મુખ્યમંત્રી સુધી પહોંચાડવાનો અને પ્રજાને દુષ્કાળમાંથી રાહત આપવાનો આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ હોવાનું જીપીપીના મહામંત્રી ગોરધન ઝડફીયાએ જણાવીને ઉમેર્યું હતું કે, રાજકીય પક્ષ તરીકે પ્રજા મુશ્કેલીમાં હોય ત્યારે તેમની વચ્ચે જઈને મદદરૂપ ઝવા જીપીપી આ યાત્રા લોકોની વેદના રજૂ કરવાનું માધ્યમ બનશે.

ઝડફીયાએ સરકાર પર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, અડધા ગુજરાતની પ્રજા દુષ્કાળની લપેટમાં મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે. રાજ્યના ભાજપના મુખ્યમંત્રી દુષ્કાળગ્રસ્ત વિસ્તારની પ્રજાને આપેલા વચનો ભૂલી જઈને પોતાની પ્રસિદ્ધિ વધારીને વડાપ્રધાન બનવામાં વ્યસ્ત છે અને પ્રજા ત્રસ્ત છે.

તેમણે જણાવ્યું હતું કે, સરકારે જાહેરાત કર્યા પછી પણ છેલ્લા ૭ વર્ષથી ગુજરાતને ફાળે આવેલું ૯ મીલીયન એકરફીટ પાણી કેનાલોના માળખા ન બનાવવાના કારણે વણ વપરાયું પડી રહ્યું છે.

# નડિયાદમાંથી રૂપિયા ૪૩ લાખનો વિદેશી દારૂ ઝડપાયો

## પોલીસે ફાર્મ હાઉસમાંથી ૯૦૯ પેટી, વિદેશી દારૂ તેમજ નવ વાહનો કબજે કર્યા

નડિયાદ, તા. ૫

નડિયાદનાં ડુંગરળ વિસ્તારમાંથી વલસાડ પોલીસે બુટલેગર વિનોદ સિંધીનાં ફાર્મ હાઉસ ઉપર રેડ કરી ૯૦૯ વિદેશી દારૂની પેટી તેમજ અન્ય વાહનો કબજે કર્યા હતા.

વલસાડ એલસીબી તેમજ એસઓજીનાં સંયુક્ત ઓપરેશનમાં પોલીસે કુલ રૂા. ૪૩ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો હતો. તેમજ વાહનો રૂા. ૬૦ લાખ મળી આવ્યા હતા. નડીયાદ પોલીસ સ્ટેશનની બાજુમાં જ આવેલા ફાર્મહાઉસમાં ચાલતા આટલા મોટા દારૂના વ્યાપારની નડિયાદ પોલીસને ખબર જ રહી ન હોતી. આ અંગે નડિયાદ પોલીસની બુટલેગર વિનોદ સિંધી સાથે સાંઠગાંઠ છે કે કેમ તે વિશે તર્ક વિતર્કો સર્જાયા હતા.

વલસાડ એલસીબીને બાતમી મળી હતી કે નડિયાદનાં ડુગરાળ વિસ્તારમાં આવેલા એક ફાર્મ હાઉસમાં કરોડના દારૂનો વ્યાપાર થાય છે જેના આધારે વલસાડ જીઆઈડીસી પોલીસ વલસાડ એલસીબી તેમજ એસઓજીએ રેડ કરતાં ૧ લેપટોપ, ૯૦૯ વિદેશી દારૂની બોટલો કિંમત રૂપિયા ૪૩ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આ ફાર્મહાઉસ વિનોદ સિંધી નામના બુટલેગરનું છે.

પોલીસે રેડ કરતા બુટલેગર વિનોદ સિંધી ફરાર થઈ ગયો હતો. પોલીસે રેડ કરતાં ફાર્મ હાઉસ પરથી ઠાંસી ઠાસીને દારૂ ભરવા માટે ૩ આઈસર ટ્રકો, ૩ કારો તેમજ અન્ય વાહનો પણ મળી આવ્યા હતા. વલસાડ પોલીસે સુરત રેન્જ ખાઈ જીનાં માર્ગદર્શન હેઠળ રેડ કરતાં નડીયાદ પોલીસ પણ છેવટે રેડમાં જોડાઈ હતી.

આ રેડ દરમ્યાન પોલીસને ૧ લેપટોપ પણ મળી આવ્યું હતું. ઘોડાના તબેલાની આડમાં દારૂનો આટલો મોટો જથ્થો મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. પોલીસ સ્ટેશનની બાજુમાં જ આવેલા આ ફાર્મહાઉસમાં આટલો મોટો દારૂનો જથ્થો છે. તેની માહિતી શું નડીયાદ પોલીસને નહીં હોય, શું નડીયાદ પોલીસ તેમજ બુટલેગર વિનોદ સિંધી વચ્ચે સાંઠગાંઠ છે. તેવા અનેક તર્કવિતર્કો સર્જાયા છે.

## શબ્દાવલી - ૫૦૫૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ■ | ૫ | ૬ |
| ૭ | | ■ | ૮ | | ૯ | ■ | |
| | ■ | ૧૦ | ■ | ૧૧ | | ૧૨ | ■ |
| ■ | ૧૩ | | ૧૪ | ■ | ૧૫ | | ૧૬ |
| ૧૭ | | | | ■ | ■ | ૧૮ | |
| ૧૯ | | ■ | | ■ | ૨૦ | | |
| | ■ | ૨૧ | ■ | ૨૨ | | ■ | ■ |
| ૨૩ | | | | ■ | ૨૪ | | |

### આડી ચાવી

૧. અસફળ (૫)
૫. ઢોરનો ચારો (૨)
૭. ... માં કંઈક કાળુ છે (કહેવત) (૨)
૮. ત્રણ લોક (૩)
૧૧. રાત્રી, રજની (૩)
૧૩. કેડ, કટિપ્રદેશ (૩)
૧૫. ઉત્સવ, મહેફિલ (૩)
૧૭. કોઈનો પક્ષ લેવો તે (૪)
૧૮. ... આપવું, કમાઈ આપવું (૨)
૧૯. ... વિસ્તાર, શહેર બારના નાના નાના વિસ્તાર (૨)
૨૦. કંપાસનું એ અણીયાળુ સાધન (૩)
૨૨. મહિનો (૨)
૨૩. સહયોગ, મદદ (૪)
૨૪. ગૅલેરી (૩)

### ઊભી ચાવી

૧. અણસમજુ (૩)
૨. મોત, સમય (૨)
૩. યાત્રા કરનાર (૨)
૪. હાથનું ઘરેણું (૩)
૬. થાકીને ... થઈ જવું (૨)
૯. ખમીસ, પહેરણ (૩)
૧૦. એક જંતુ, અવાવરૂ જગ્યામાં રાત્રે બોલે (૩)
૧૨. દાદરો, સીડી (૪)
૧૩. અતિ કઠિન (૩)
૧૪. રામદેવપીરની ભૂમિ (૩)
૧૬. વધુ સંખ્યામાં હોય તો નળીયા અને એક હોય તો (૩)
૧૭. આખ્યાન, નવલકથા (૪)
૨૦. જેવી સોબત તેવી... (૪)
૨૧. કાપડના ... હોય (૨)

### શબ્દાવલી ૫૦૫૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) ગરનાળુ (૪) અંતર (૬) ગવન (૮) પિતાંબર (૧૦) ઉટાટીયો (૧૧) ચટઈ (૧૨) છડી (૧૩) કસમ (૧૫) પટાંગણ (૧૭) ગળકી (૧૮) લાગણી

**ઊભી ચાવી :-** (૧) ગગન (૨) રવ (૩) નાનખટાઈ (૫) તલબ (૭) રૂપિયો (૯) રથ (૧૦) ઉટપટાંગ (૧૨) છમકલા (૧૩) કણકી (૧૪) છાવણી (૧૬) ગળ

# શક્તિસિંહ ગોહિલના તર્કદાર પ્રશ્નો

# નર્મદાનો લાભ ખેડૂતોને મળ્યો નથી

**કોંગ્રેસના વરિષ્ઠ નેતા શક્તિસિંહ ગોહિલે આજે જણાવ્યું હતું કે, ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી નર્મદા યોજનાના મામલામાં પોતાની બેદરકારી છુપાવવા અન્યપક્ષોને દૂર રાખીને જુઠ્ઠાણાના સહારે નાટક ચલાવી રહ્યાં છે. નર્મદાના દરવાજા બંધ કરવા અને પીઅર્સના બાંધકામ માટે જરૂરી પુનર્વસનનું કામ મધ્યપ્રદેશ, ગુજરાત અને મહારાષ્ટ્રે કરવાનું છે. ગુજરાત સરકારે નર્મદા મામલામાં અસરગ્રસ્તોને સમજાવી પુનર્વસનનું કામ હાથ ધર્યું નથી. બીજી બાજુ મધ્યપ્રદેશની ભાજપ સરકાર પણ સક્રીય નથી જેથી ગુજરાતના ડેમના દરવાજા બંધ કરવાની મંજુરી ટ્રીબ્યુનલના ચુકાદાથી બનેલી કમિટી આપતી નથી. આ મંજુરી કેન્દ્ર સરકારે આપવાની નથી. હકીકતમાં દરવાજા બંધ કર્યા વગર આપણને પૂરતું પાણી મળે છે પરંતુ તેનો ઉપયોગ કરાતો નથી. ખેડૂતો માટેની નર્મદા યોજનાનો લાભ જરૂરીયાત ખેડૂતોને મળી રહ્યો નથી.**

- **નર્મદા યોજના માટે ભૂતકાળની તમામ સરકારો બધાજ રાજકીય પક્ષોને સાથે રાખતી હતી**
- **નર્મદાનું સરપ્લસ પાણી ગુજરાત ન વાપરી શકે તેવો વાંધો મધ્ય પ્રદેશના ભાજપના મુખ્યમંત્રીએ ૮૪ની એનસીએની મીટીંગમાં ઉઠાવીને ગુજરાતને નુકશાન કર્યું**
- **તા.૦૮-૦૯-૨૦૦૫ના રોજ સિદ્ધપુર ખાતે મુખ્યમંત્રીએ લાખોના ખર્ચે સમારંભ કરીને કહ્યું હતું કે, નર્મદાનું પાણી સિદ્ધપુરના પાદર સુધી સરસ્વતીમાં બારે માસ ભરેલું રહેશે અમે તે પછી ક્યારેય પાણી આવ્યું જ નથી**
- **નર્મદા યોજનામાં પોતે કરેલી ગુન્હાહિત બેદરકારીને ઢાંકવા માટે અન્ય પક્ષોને દૂર રાખીને જુઠાણાના સહારે નાટક ચાલુ કરેલ છે**
- **ગુજરાત સરકાર અસરગ્રસ્તોને સમજાવી અને પુનઃવસન કરતી નથી અને બીજું કામ મધ્યપ્રદેશની ભાજપની સરકાર કરતી નથી તેથી ગુજરાતના ડેમના દરવાજા બંધ કરવાની મંજૂરી ટ્રિબ્યુનલના ચૂકાદાથી બનેલી કમિટી આપતી નથી**
- **આ મંજૂરી કેન્દ્ર સરકારે નથી આપવાની. આમ છતાં મુખ્યમંત્રી સદંતર જુઠ્ઠાણા ફેંકે છે**
- **ગુજરાતના ખેડૂતો માટેની નર્મદા યોજનાનો લાભ અતિ જરૂરિયાતમંદ ખેડૂતોને આપવાના બદલે મુખ્યમંત્રીએ પોતાના માનીતા ઉદ્યોગપતિઓને આપવાનું ચાલુ કરેલ છે**
- **નર્મદાનો કમાન્ડ એરીયા ટ્રિબ્યુનલના ચૂકાદા આધારિત નક્કી થયેલ છે. આ કમાન્ડ એરિયામાં મનસ્વી છેડછાડ કરવાથી ભવિષ્યમાં નર્મદા યોજનાને ખૂબ જ મોટું નુકશાન થઈ શકે છે**
- **એનજીઓના આયોજીત કાર્યક્રમમાં કેમ અન્ય રાજકીય પક્ષના નેતાઓને પ્રવચન આપવા ન બોલાવાયા? મુખ્યમંત્રી નર્મદા યોજનાની એક જાહેર મંચ પર ચર્ચા કરે**
- **આજે જ્યારે પૂરતું પાણી છે ત્યારે કેનાલ પ્રવર્તમાન સરકાર કે જે ૧૨ વર્ષથી શાસન કરે છે તેણે પૂર્ણ કરી નથી તેથી જનતા મુશ્કેલીમાં છે. મુખ્યમંત્રી જાહેર મંચ પર ચર્ચા કરે અને તેમની નિષ્ફળતા સાબીત કરી આપીશું.**

## પેનાસોનિક આગામી ત્રણ વર્ષમાં વિસ્તરણ કરવા માટે રૂપિયા ૧,૫૦૦ કરોડનું રોકાણ કરશે

પેનાસોનિક કોર્પોરેશનના પ્રેસિડેન્ટ શ્રી કાઝુહીરો ત્સુગાએ મુંબઈમાં કંપનીના બિઝનેસને વ્યુહાત્મક રીતે વિશેષ મહત્વ ધરાવતો હોવાનો પુનરૂચ્ચાર કર્યો છે. તેમણે વૃધ્ધિ માટે બીટુસી (B2C) બિઝનેસને વધુ મહત્વ આપવાનો અનુરોધ કર્યો હતો. તથા બીટુબી બિઝનેસ માટે એનર્જી, સિક્યોરીટી તથા ભારતના બજારની માળખાકીય સુવિધાઓના સંદર્ભમાં ડિવાઈસીસને સર્વિસ પૂરી પાડવા અનુરોધ કર્યો હતો. ક્ષણ દિવસની ભારતની મુલાકાત દરમ્યાન તેમણે ભારતમાં પ્રોડકટસ વિકસાવવાની અને સંશોધનની જાપાનીઝ નિપુણતાનો ઉપયોગ કરવાનો ઈરાદો વ્યક્ત કર્યો હતો.

તેમણે મુંબઈમાં જણાવ્યું કે આ વિઝનના પાલન માટે નિષ્ઠા, સામેલગીરી તથા કંપનીના તમામ સહયોગીઓના સાથ જરૂરી છે. પ્રેસિડેન્ટ કાઝુહીરો ત્સુગાએ જણાવ્યું હતું કે "ભારત અને બ્રાઝીલ સાથેનો બિઝનેસ કંપની માટે ખૂબ જ મહત્વનો છે. અમારા બિઝનેસમાં લોકો કેન્દ્ર સ્થાને છે અને અમે તે દ્વારા લોકોના જીવન ઉપર ધ્યાન આપી ગ્રાહકોને બહેતર જીવન જીવવા માટે ધ્યાન આપી રહ્યા છીએ. અમારા માટે ભારત વિશ્વનું ઉંચી વૃધ્ધિ ધરાવતું બજાર છે, આ ક્ષેત્રમાં અમે પ્રોડકટસ, પ્રતિભા, માર્કેટીંગ અને મેન્યુફેકચરીંગ ક્ષેત્રે રોકાણ કરવા ઈચ્છીએ છીએ. અમે સ્થાનિક ધોરણે ઉત્પાદન કરવા ઉપર તથા ઉત્પાદન પ્રક્રિયાઓના વિસ્તરણ ઉપર દ્રઢપણે ધ્યાન આપીશું અને કંપની ભારતને ધ્યાનમાં રાખીને પ્રોડકટસમાં નવિનતા લાવવાનું તથા સ્થાનિક જરૂરિયાતોને આધારે પર્યાવરણલક્ષી તથા સ્માર્ટ સોલ્યુશન્સ પૂરા પાડવાનું ચાલુ રાખીશું."

## સૌથી વધુ ગરમી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતું. આજે રવિવાર હોવાથી વસાહતીઓ આખો દિવસ ઘરમા જ પુરાઈ રહ્યા હતા. મુખ્ય માર્ગો ઉપરાંત સેકટરના આંતરિક માર્ગો પણ સાવ સુમસામ બની ગયા હતા. ગરમીના પ્રકોપથી શહેર કરફ્યુગ્રસ્ત બની ગયું હતું. બપોરે તો ચકલુંય ફરકતું ન હતું. લગ્નની સીઝન ચાલી રહી હોવા છતાં ગરમીના કારણે ઘણાએ લગ્નમાં જવાનું ટાળ્યું હતું. તો કેટલાક માત્ર પ્રસંગમાં હાજરી પુરાવી ઘરભેગા થઈ ગયા હતા. લગ્ન મંડપોમાં પણ ભીડ ઓછી જણાતી હતી. આકરી ગરમીના કારણે અકળાયેલા વસાહતીઓ છેક મોડીસાંજે બહાર નીકળ્યા હતા. આખો દિવસ અવરજવર વિના સુના બનેલા બજારો અને શાકમાર્કેટમાં સાંજે ભીડ દેખાતી હતી. ગરમીથી રાહત મેળવવા માટે અને આખો દિવસ ઘરમાં પુરાઈ રહીને કંટાળેલા નગરજનો રાત્રે ફરવા નીકળ્યા હતા. સેક્ટર-૨૮નો બગીચો, ઘ-૪ સર્કલ, આંબેજકરની પ્રતિમા પાસેનો બગીચો, સ્વર્ણિમ પાર્ક, ચ-પનો ફુવારો, ઘ-૨નું સર્કલ, ઈન્ફોસિટી સહિતના સ્થળોએ છેક મોડીરાત સુધી લોકોની અવરજવર રહી હતી. ઘ-૪ સર્કલ અને સ્વર્ણિમ પાર્કમાંથી તો લોકો રાત્રે બાર-એક વાગ્યા સુખી ખસવાનું નામ લેતા ન હતા. ચૈત્રમાં હજુ તો આ હાલત છે તો વૈશાખમાં શું થશે તેવું વસાહતીઓ વિચારી રહ્યા છે.

## વરસાદના એંધાણ.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. ખેતર જેટલું વધું તપે તેટલી જીવાતો જે જમીનમાં છે તે નાશ પામે તેવું ખેડૂતોનું માનવું છે અને છેલ્લા એક સપ્તાહથી ખેતર ખેડી રાખવાની કામગીરીમાં પણ વેગ આવ્યો છે. અખાત્રીજ હવે નજીકમાં છે ત્યારે ખેડૂતોમાં વાવણીનો ઉત્સાહ પણ સારો જોવા મળી રહ્યો છે અને ગરમી જે રીતે વધી રહી છે તે જોતાં વરસાદ સારો થવાની આશાએ ખેડૂતોમાં નવી ચેતનાનો સંચાર કર્યો છે.

મળતી વિગતો મુજબ જુન માસના પ્રથમ પખવાડિયામાં તાપમાનનો પારો લગભગ ૪૩ ડિગ્રી પાર કરી જતો હોય છે અને મે માસમાં ૪૦ થી ૪૨ ડિગ્રી સુધી તાપમાનનો પારો નોંધાતો રહ્યો છે. આ વખતે જિલ્લામાં સતત બદલાયેલા રહેલા હવામાનને લઈ કેટલાક ખેડૂતો દ્વિધામાં પણ ક્યાંક જોવા મળ્યા છે. આજે ગાંધીનગરમાં તાપમાનનો પારો ૪૩ ડિગ્રી નોંધાયો છે અને તેની સીધી અસર જનજીવન પર જોવા મળી હતી. બપોરે ૧૨ વાગ્યા પછી નગરજનોએ ઘરની બહાર નીકળવાનું ટાળ્યું હતું.

**ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા - ગાંધીનગર પંચાયત મા.મ. વિભાગ**

**જાહેર નિવિદા નં. ૨ / ૨૦૧૩-૧૪**

કાર્યપાલક ઈજનેર, પંચાયત મા.મ. વિભાગ, જિલ્લા પંચાયત ગાંધીનગર ૩૮૨૦૧૭ (ફોન નં. ૦૭૯-૨૩૨૫૬૯૬૮)ની કચેરી દ્વારા નીચે જણાવેલ જિલ્લા પંચાયત બિલ્ડીંગ અને તાબાની કચેરીઓ માટે પ્રોવાઈન્ડીંગ સીક્યુરીટી સર્વિસના કામ માટે રસ ધરાવતી એજન્સીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડર માંગવામાં આવે છે. ઈ-ટેન્ડરની વિગતો અત્રેની કચેરીએથી તથા રૅ://હિહ્ન.હૅષ્ઠિૈી.ર્ષ્દ્ધ તથા઼.હૅષ્ઠિૈી.ર્ષ્દ્ધ વેબસાઈટ પરથી જોવા મળશે.

| | | |
|---|---|---|
| ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ | ૨૦/૫/૧૩ | ૧૮.૦૦ કલાક સુધી |
| ટેન્ડર ફી બાનાની રકમ તથા અન્ય ડૉક્યુમેન્ટ રજૂ કરવાની તારીખ (આર.પી.એ.ડી.) | ૨૭/૫/૧૩ | ૧૮.૦૦ કલાક સુધી |
| ટેકનીકલ બીડ ઓપનીંગ તારીખ | ૨૧/૫/૧૩ | ૧૨.૦૦ કલાકે |
| પ્રાઈઝ બીડ ઓપનીંગ તારીખ | ૨૧/૫/૧૩ | ૧૨.૩૦ કલાકે |

માહિતી/૨૪૨/૧૩-૧૪